

**Long-Term Care Home Update** | *Community Newsletter* | Lakeridge Health

**ઑગસ્ટ 2021**

## સુખ અને ગૌરવ પ્રદાન કરતો ઑગસ્ટનો મહિનો

Ajax Pickering Hospital સ્થિત પ્રવર્તમાનમાં બાંધકામ હેઠળ નવા લૉન્ગ-ટર્મ કૅર હોમ (લાંબા ગાળાની સંભાળ માટેના ઘર) માટે ઑગસ્ટનો મહિનો અતિશય પ્રમાણમાં ખૂબ ઉમંગ અને ઉત્સાહવર્ધક રહ્યો છે. Lakeridge Health અને તેનાં ભાગીદારો Infrastructure Ontario તેમજ PCL Construction આ મહિને ઘરનાં નિર્માણકાર્યનાં “ટૉપિંગ ઑફ”ની ઊજવણી કરશે. “ટૉપિંગ ઑફ”નો અત્યંત ઉત્સાહપૂર્વક ભવ્યાતિભવ્ય હર્ષોલ્લાસથી ઉજવાતો સમારંભ એ સૂચિત કરે છે કે ઈમારતોની સૌથી ઉચ્ચતમ શિખર સુધી નિર્માણકામ પહોંચી ચૂક્યું છે. Lakeridge Health સ્થિત આવેલા લૉન્ગ-ટર્મ કૅર હોમ (લાંબા ગાળાની સંભાળ માટેના ઘર) માટે આનો મતલબ એ થયો કે છઠ્ઠો અને અંતિમ માળ પૂર્ણ થયો છે.

ટૉપિંગ ઑફની ઊજવણી અંગેની વધુ વિગતોને અમે આવતા મહિનાના સામુદાયિક સમાચારપત્રમાં જણાવશું. Lakeridge Health એવા અનેક બાંધકામનાં વ્યાવસાયિકો તેમજ ટુકડીનાં સભ્યોનો આભાર માનવા માગે છે કે જેમને કારણે આ સીમાચિહ્નરૂપ શક્ય બન્યું છે.

આ મહિને અન્ય ઘણી ધગશ અને જોશ ઉત્પન્ન કરતા ઘટનાક્રમોનાં બનાવો બન્યા. ક્રેનો પૈકીની એક ક્રેનને છૂટી પાડીને સ્થળથી દૂર કરવામાં આવી હતી, સંઘ ઘરની બારીઓને બેસાડવાનું કાર્ય પૂર્ણ કરશે તેમજ બહારનાં ભાગમાં રંગને થર આપવાનું કામ તેમજ ઈમારતની છતનાં નિર્માણકામ માટેની સામગ્રીને બેસાડવાનું ચાલુ રાખશે.

માત્ર આઠ જ મહિનામાં આ મહિનાની પ્રવૃત્તિ તેમજ ઘરનાં માળખાંની પૂર્ણતા એ જાન્યુઆરીથી શરૂ કરીને સાધવામાં આવેલી અદ્ભુત પ્રગતિ એ એક દૃઢ ઈચ્છાશક્તિનાં સિદ્ધાંતની નિર્દિષ્ટ હકીકત છે, કે જેમાં સર્વપ્રથમવાર સંઘે સ્થળ પર ખોદકામ શરૂ કર્યું હતું. Government of Ontarioનાં Accelerated Build Pilot Programએ કોઈ પણ પરંપરાગત નિર્માણકામ કરતાં નવા લૉન્ગ-ટર્મ કૅર હોમ (લાંબા ગાળાની સંભાળ માટેના ઘર)ને જલદી પૂર્ણ થાય એ માટે સક્ષમ બનાવ્યું છે. એક વાર 2022માં પૂર્ણ થઈ જાય એટલે, ઘર લૉન્ગ-ટર્મ કૅર (લાંબા ગાળાની સંભાળ)નાં બેડ્ઝને Durham Regionમાં લાવશે તેમજ ઉંમરમાં મોટા હોય તેવા લોકોને એવું આધુનિક, અત્યાધુનિક ગુણવત્તાસભરને લાભદાયી સ્થાન પૂરું પાડશે કે જેને ઘર તરીકે ઓળખી શકાય. .



*તારીખ 31મી જુલાઈ, 2021નાં દિવસે છેલ્લા છઠ્ઠા માળ પર ચાલી રહેલું કામ*

## વિદ્યુતપ્રવાહને શરૂ થવા દો: સપ્ટેમ્બર મહિનાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યાં છીએ

ભલે ઈમારતનો બહારનો ભાગ કદાચ ઘર જેવો લાગતો હોય, તો પણ રહેવાસીઓ સુરક્ષિતપણે ઘરે નિવાસ કરવા આવી શકે એ પહેલાં ઈમારતની અંદર હજી ઘણું બધું કામ કરવાનું બાકી છે. એક બાજુથી જ્યારે ઑગસ્ટ 21 ઈમારતનાં માળખાંની પૂર્ણતાને ચિહ્નિત કરે છે, ત્યારે પ્રવૃત્તિનું કેન્દ્રસ્થાન ઘરનાં અંદરના ભાગની તમામ સંરચના, માળખાં, અને પ્લાસ્ટરિંગ, ઈંટોનાં સાંધામાં સિમેન્ટ પૂરવી, રંગકામ, વાર્નિશિંગ, રંગ ધોવાનું અને ડિસ્ટમ્પરિંગ કરવા તરફ બદલાય છે

વધુ નિશ્ચિત રીતે કહેવું હોય, તો ઘર કામચલાઉમાંથી કાયમી વિદ્યુતપ્રવાહ મેળવવા તરફ ગતિ કરશે, અને તેને જનરેટર્સનાં અવલંબન પર રહેવાની જરૂર નહિ પડે. આનો મતલબ એ થયો કે ઈમારત પાસે હવે આખો વખત પ્રકાશ અને વિદ્યુતપ્રવાહ ચાલ્યા કરશે, કે જે ઘરનાં ભવિષ્યનાં રહેવાસીઓ અને ટુકડીનાં સભ્યો માટે શ્રેષ્ઠ સંભાળ અને સુરક્ષા સર્જવા માટે જરૂરી આવશ્યક વસ્તુઓથી ઘરને પરિપૂર્ણ કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

કાયમી ધોરણે વિદ્યુતપ્રવાહ મેળવવાની સાથે, અનેક ઈમારતની પ્રણાલીઓને ઑનલાઈન લાવી શકાશે તેમજ સમગ્ર પાનખર ઋતુ દરમિયાન સંપૂર્ણ રીતે પરીક્ષણ કરવામાં આવશે. આમાં ઘરનું ફાઈબર ઈન્ટરનેટ જોડાણને જોડવાનો, એલિવેટર કાર્સ સ્થાપિત કરવાનો તેમજ ધોલાઈઘર, રસોડું, તેમજ આકસ્મિક આવશ્યકતા દરમિયાન જનરેટરનાં સાધનોની જોગવાઈ કરવાનો સમાવેશ થાય છે.

## સમાચારમાં નવું લૉન્ગ-ટર્મ કૅર હોમ (લાંબા ગાળાની સંભાળ માટેનું ઘર)

ગયા મહિને
Oshawa Express એ ઘરની વેગ પકડતી પ્રગતિ પર, ***કન્સ્ટ્રક્શન ઑન લૉન્ગ-ટર્મ કૅર હોમ ઈન Ajax ઑન ટ્રૅક***નાં શીર્ષક હેઠળ અહેવાલ આપ્યો.



## વીતેલા કાળમાં અમારો સાથ-સહકાર આપવા બદલ આભાર!

આ મહિનાની શરૂઆતમાં, Lakeridge Healthએ Durham સમુદાયને *Long-Term Care Home Community Naming Survey*ને પૂર્ણ કરવા માટે વિનંતી કરી હતી. જેમ-જેમ Lakeridge Health સ્થિત નવું લૉન્ગ-ટર્મ કૅર હોમ (લાંબા ગાળાની સંભાળ માટેનું ઘર) લાગલગાટ સીમાચિહ્નરૂપ સંતોષવાનું ચાલુ રાખે છે, તેમ-તેમ ઘરનાં નામને નક્કી કરવું એ એક મહત્ત્વપૂર્ણ આગામી પગલું હતું અને અમને તમારી મદદની જરૂર હતી.

એવા તમામ લોકોનો અમે **આભાર** માનીએ છીએ કે જેમણે મોજણીમાં ભાગ લેવા માટે સમય ફાળવીને ઘરનાં નામકરણ બાબતે પોતપોતાના દૃષ્ટિકોણો અમને જણાવ્યા હતા. નવી ઈમારત અને તેની હદ Durhamનાં ઉંમરમાં મોટા હોય તેવા લોકો માટે ઘર કહેવા માટેનું એક સ્થાન બનશે તેમજ સમગ્ર ક્ષેત્રમાંનાં અગણિત સ્વાસ્થ્ય સંભાળ લેતા કામદારો માટે એક કાર્યસ્થાન બની રહેશે. અમે એ બાબતેની ખાતરી રાખીએ છીએ કે નવું ઘર અને તેનું નામ તમારા વિશે ઊંડાણપૂર્વક અને કાળજીપૂર્વક વિચારે — આપણાં પડોશીઓ, જૂથનાં સભ્યો, અને સમુદાય વિશે — અને તમારી વિચારવંત કલ્પનાઓએ અમને આને વાસ્તવિકતા બનાવવા માટે મદદ કરી છે.

The Lakeridge Healthની ટુકડી અત્યારે મોજણીનાં પરિણામોનું મૂલ્યાંકન કરવામાં વ્યસ્ત છે અને તેથી અમે નજીકના ભવિષ્યમાં ઘરનાં નામકરણ વિશે સમુદાયને જણાવીશું.



## અમારી સાથે જોડવો

શું તમે ઘરની પ્રગતિ બાબત સૌથી તાજેતરની માહિતીથી વાકેફ રહેવા ઈચ્છો છો? **તમારું નામ અને ઈમેઈલ એડ્રેસને AjaxLTC@lh.ca પર ઈમેઈલ કરવા દ્વારા અમારી ઈમેઈલ સૂચિમાં જોડવો.** તમે સીધા તમારા ઈમેઈલ ઈનબોક્સમાં જ ચાલી રહેલી માહિતી તેમજ તાજેતરની જાણકારીને પ્રાપ્ત કરશો!

એ દરમિયાન, જો તમારે કોઈ પ્રશ્નો હોય અથવા તો વધુ માહિતી ઈચ્છતા હો, તો કૃપા કરીને **lakeridgehealth.on.ca** પર અમારી વેબસાઈટની મુલાકાત લો, **905-576-8711 એક્સ્ટેન્શન 34167** પર કૉલ કરો અથવા **AjaxLTC@lh.ca** પર ઈમેઈલ કરો. તમે અમને Twitter અને Facebook પર પણ શોધીને ફૉલો કરી શકો છો.